પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૧૯, સોમવાર; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઈવીએમની વિશ્વસનીયતા મામલે વિપક્ષ સુપ્રિમમાં જશે

**અનેક મોટા વિપક્ષી દળોની દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ : ઈવીએમની સામે વિપક્ષ ફરીવાર એકમત : દિલ્હીમાં મળેલી બેઠકમાં ઈવીએમને લઇને વેધક પ્રશ્નો ઉઠાવાયા : ચંદ્રાબાબુ નાયડુ, કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવી તેમજ કપિલ સિબ્બલ લડાયક મૂડમાં : ઈવીએમ સાથે લગાવવામાં આવેલા વીવીપેટના રિએક્શન ટાઇમ અને નીકળતી ચિઠ્ઠી વિશે વિપક્ષે ગંભીર આરોપ લગાવ્યા**




નવી દિલ્હી, તા. ૧૪

પ્રથમ તબક્કા માટે મતદાનની પ્રક્રિયા થયા બાદ ફરી એકવાર વિરોધ પક્ષોએ ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો છે. આની સાથે જ રાજકીય પક્ષોમાં હોબાળો મચી ગયો છે. લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કા માટે મતદાન થઈ ચુક્યું છે ત્યારે ઈવીએમની સામે વિરોધ પક્ષો એકમત થઈ રહ્યા છે. વિરોધ પક્ષોએ સુપ્રીમ કોર્ટમાં જવાની પણ તૈયારી કરી લીધી છે. અનેક મોટા વિપક્ષી દળોના નેતાઓની આજે દિલ્હીમાં બેઠક થઈ હતી જેમાં ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. બેઠકમાં ઓછામાં ઓછા છ પક્ષોએ ફરિયાદ કરી છે. ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવીને બેલેટ પેપરથી વોટિંગ માટેની માંગ કરી છે. બેઠક બાદ ટીડીપના અધ્યક્ષ ચંદ્રાબાબુ નાયડુ અને કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે ઈવીએમનો મુદ્દો ફરીવાર સુપ્રીમમાં લઈ જવામાં આવશે. નાયડુ શનિવારના દિવસે પણ ઈવીએમમાં ગેરરીતિ અને અનિયમિતતાને લઈને ચૂંટણી પંચમાં રજૂઆત કરી હતી. તેમનો આક્ષેપ છે કે, આંધ્રપ્રદેશમાં ગુરુવારના દિવસે પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન ૪૦૦૦થી વધારે ઈવીએમ ખરાબ આવ્યા હતા તેમાં ખામી સપાટી ઉપર આવી હતી. તેમણે આજે કહ્યું હતું કે, ઈવીએમના મુદ્દા ઉપર ફરીથી સુપ્રીમકોર્ટમાં જઈશું. ખુબ ઓછા એવા દેશ છે જ્યાં ઈવીએમનો ઉપયોગ થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહાગઠબંધને પરિણામ પૂર્વે હાર સ્વીકારી લીધી : ભાજપ

**પ્રથમ તબક્કાના મતદાન બાદ પવનની દિશા નક્કી : ફિડબેક મળ્યા બાદ વિરોધ પક્ષો દ્વારા હોબાળો શરૂ થયો**

નવી દિલ્હી, તા.૧૪

ઈવીએમને લઈને વિરોધ પક્ષો ફરી એકત્રિત થઈ રહ્યા છે. આને લઈને આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. આજે યોજાયેલી મહાગઠબંધનની બેઠક ઉપર ભાજપે આકરા પ્રહાર કર્યા હતા. ભાજપે આ બેઠક અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ચૂંટણીના પરિણામ પહેલા જ મહાગઠબંધને હાર સ્વીકારી લીધી છે અને ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવવાની શરૂઆત કરી દીધી છે. કહેવાતા ગઠબંધનને હારનો ભય સતાવી રહ્યો છે. ભાજપના નેતા જીવીએલ નરસિંહાએ કહ્યું છે કે, દિલ્હીમાં જે બેઠક થઈ છે તેમાં આ લોકોને ખબર પડી ગઈ છે કે, પ્રથમ તબક્કામાં માહોલ કયા દિશામાં રહ્યો છે. મહાગઠબંધનની

● અનુસંધાન પાન-૭ પર

## ખાદ્ય ફુગાવો ૨૦૧૮-૧૯માં ૨૭ વર્ષની નીચી સપાટી ઉપર

**ખેડૂતો સિવાય તમામ લોકોને સીધી રાહત : ભાવ વધારાને નીચી સપાટીએ લાવવામાં સફળતા મળી**

મુંબઈ, તા. ૧૪

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ખાદ્યાન્ન ફુગાવાનો આંકડો ૨૭ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલના એક મૂલ્યાંકન મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કન્ઝ્યુમર મૂલ્ય આધારિત ફુગાવો માત્ર ૦.૧ ટકા વધ્યો છે જ્યારે આ પહેલા વાર્ષિક સરેરાશ ખાદ્ય ફુગાવો અંતિમ વખતે નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં એક ટકા નીચે પહોંચી ગયો હતો. અર્થશાસ્ત્રીઓના કહેવા મુજબ ખાદ્યાન્ન ફુગાવામાં ઘટાડો થવા માટે અનેક કારણો જવાબદાર છે જેમાં બમ્પર પાક, માંગમાં ઘટાડો, વૈશ્વિક સ્તર પર કિંમતોમાં ઘટાડો અને લઘુત્તમ સમર્થન મૂલ્યમાં વધારાની ઓછી અસર જવાબદાર છે. ઓછા અને સ્થિર ખાદ્યાન્ન ફુગાવાથી ખેડૂતો સિવાય તમામ લોકોને રાહત મળે છે. ક્રિસિલના મુખ્ય અર્થશાસ્ત્રી ડીકે જોશીના કહેવા મુજબ તેઓ આના માટે બે પરિબળોને જવાબદાર ગણે છે. છેલ્લા ત્રણ ચાર વર્ષમાં કૃષિ ઉત્પાદનમાં વધારાની પ્રવૃત્તિ ઉપર રહી છે.

## કાશ્મીર ભારતનું અભિન્ન અંગ, કોઈ પોતાના વારસામાં લખાવીને નથી આવ્યું: મોદી

કઠુઆ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ જનમેદનીને જણાવ્યું કે ભાજપ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં

**મુફ્તી-અબ્દુલ્લા પરિવારની વિદાય ખુબ જરૂરી છે : બંને પરિવારોએ કાશ્મીરને બરબાદ કર્યું છે : ૨૦૧૪ કરતા પણ વધારે પ્રચંડ લહેર હોવાનો કઠુઆમાં મોદીનો દાવો**

ભાજપ તરફી લહેર ૨૦૧૪ની તુલનાએ ઘણી મજબૂત જણાય છે. જમ્મુ કાશ્મીર કોઈ પોતાના વારસામાં લખાવીને નથી લાવ્યુ. આ દેશનુ અભિન્ન અંગ છે.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને આડેહાથ લીધો હતો અને જણાવ્યું કે 'કોંગ્રેસે જલિયાંવાલા બાગની ૧૦૦મી વરસી ઉપર પણ રાજકારણ

● અનુસંધાન પાન-૭ પર



## કાશ્મીરમાં આતંકી હુમલાના ભય સામે હાઈ-એલર્ટ : બાઈકના ઉપયોગની આશંકા

શ્રીનગર,તા.૧૪

જમ્મુ કાશ્મીરમાં ફરીવાર આતંકવાદી હુમલાનું એલર્ટ આપવામાં આવ્યુ. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા પ્રમાણે આતંકવાદીઓ શ્રીનગર હાઈવે પર મોટા હુમલાને અંજામ આપી શકે. જેથી હાઈવે પર સુરક્ષા વધારી સેનાને એલર્ટ કરવામાં આવી. મળતી માહિતી મુજબ આતંકવાદીઓ મોટર સાયકલનો ઉપયોગ કરી હુમલાને અંજામ આપી શકે છે. આતંકવાદી હુમલાના એલર્ટના પગલે હાઈવે પર સેનાના કાફલાને રોકી દેવામાં આવ્યો છે. જમ્મુ શ્રીનગર હાઈવે રવિવાર અને બુધવારે બંધ રહે છે. જેથી આતંકવાદીઓ હાઈવે પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. મહત્વપૂર્ણ છે કે, આ પ્રકારનો નિર્ણય ત્યારે લેવામાં આવ્યો જ્યારે ૧૪મી ફેબ્રુ.એ આતંકવાદીઓએ સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો. જેમા સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા.

## ન્યુઝ ટ્રેક

### હેમામાલીનીના પ્રચારમાં ધર્મેન્દ્ર

બોલીવુડ અભિનેત્રી અને ભાજપ સાંસદ હેમામાલીની મથુરા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહી છે. તેમની સાથે ચૂંટણી પ્રચારમાં પતિ ધર્મેન્દ્ર પણ જોડાઈ રહ્યા છે. ધર્મેન્દ્ર પત્નિ માટે ચૂંટણી પ્રચાર કરવા મથુરા પહોંચ્યા હતા.

### કોલસાની ચોરી રોકવા કેમેરા લગાવાશે

કોલ ઈન્ડિયા લીમીટેડ પોતાની ૩૦૦ ખાણોમાં પાંચ હજારથી વધુ સુરક્ષા કેમેરા લગાવી રહી છે. કોલસાની ચોરી રોકવા તથા આપાતકાલિન સ્થિતિને પહોંચી વળવા આ કેમેરા લગાવવામાં આવ્યા છે.

## એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાને ૫૧૩ વાર યુદ્ધ વિરામનો ભંગ કર્યો : સેના

જમ્મૂ,તા.૧૪

પાકિસ્તાનમના બાલાકોટમાં ભારતીય વાયૂ દળની એર સ્ટ્રાઈક પછી બોખલાયેલા પાકિસ્તાને અત્યાર સુધી સરહદ પર ૫૧૩ વખત સંઘર્ષવિરામનો ભંગ કર્યો હોવાનો અહેવાલ છે. વિતેલ દોઢ મહિનામાં આ ઘટનાઓમાં વધારો થયો હોવાની માહિતી આપતા આર્મીના સૂત્રોએ જણાવ્યું કે, ભારતીય સેનાએ તેનો યોગ્ય જવાબ આપ્યો છે અને પાકિસ્તાનની બાજુએ ભારત કરતાં વધારે નુકસાન થવા પામ્યું છે. પાકિસ્તાની આર્મીએ ૧૦૦થી વધુ વાર ભારે મશીનરી જેવી કે મોર્ટાર અને આર્ટિલરીનો ઉપયોગ ભારતીય સરહદમાં નુકસાન પહોંચાડવા માટે કર્યો છે.

## ભાજપના મોહન કુંડારિયાનો ધમકીભર્યો ઓડિયો વાયરલ

**૭૫ ટકા મત નહીં મળે તો મંડળી બંધ કરાવીશ : રાજકોટ જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્ય નાનુ ભાઈને ફોન ઉપર ગામમાંથી મત અપાવવા મામલે ધમકી આપી**

અમદાવાદ,તા.૧૪

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મોહન કુંડારીયાની જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્ય નાનજીભાઈ ડોડિયા સાથેની વાતચીતની ઓડિયો ક્લિપ વાઈરલ થઈ છે. જેમાં મોહન કુંડારીયાએ નનાજીભાઈને ધમકી આપતા કહ્યું હતું કે, મારે કોઠારિયામાંથી ૭૦થી ૭૫ ટકા મત જોઈએ નહીંતર મંડળી બંધ કરાવી દઈશ.મોહન કુંડારીયાની આ ધમકીભરી ઓડિયો વાઈરલ થયા બાદ ફરી એકવાર ભાજપની ધમકી અને દાદાગીરીનો કિસ્સો સામે આવતાં લોકસભાની ચૂંટણી પહેલાં ફરી એકવાર રાજકીય ગરમાવો આવ્યો છે. ખાસ કરીને કોંગ્રેસે આ મામલાને ગંભીર ગણાવી ઓડિયો કલીપની તપાસ કરી કુંડારીયા વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી કરવા ઉગ્ર માંગ કરી છે તો બીજીબાજુ, કુંડારીયા આ કલીપ ખોટી હોવાનો લૂલો બચાવ કરતાં જોવા મળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ઈવીએમ સાથે ફોટા પડાવવા બદલ ટીઆરએસ નેતાની ધરપકડ



મલકજગિરિ,તા.૧૪

તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતા એન વેંકટેશની શનિવારે સ્ટ્રોંગ રૂમમાં ગેરકાયદે પ્રવેશ કરવા મામલે અને ઈવીએમ મશીન સાથે તસવીર ખેંચવાના આરોપસર મલકજગિરિમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

સર્કલ ઈન્સપેક્ટર નરેન્દ્ર ગૌડે પોલીસને જણાવ્યું હતું કે, તેલંગાણા રાષ્ટ્ર સમિતિના રાજકીય એજન્ટ તરીકે ભાગ લઈ રહ્યા હતા. સ્ટ્રોંગ રૂમને સીલ કરતા પહેલા વેંકટેશે રૂમમાં ઘૂસીને ગેરકાયદે તસવીર ક્લિક કરી લીધી હતી.

સ્ટ્રોંગ રૂમમાં તસવીર ખેંચવાની સખત મનાઈ હોય છે તેમ છતાં ટીઆરએસના નેતાએ પોતાની તસવીર ક્લિક કરી હતી. જેને પગલે પોલીસે તેમની વિરુદ્ધ કેસ દાખલ કરી ધરપકડ કરી હતી.

## જેટના પાયલોટો અને એન્જિનિયરો સ્પાઈસ જેટમાં ઓછા પગારે જોડાયા

**વર્તમાન પગાર પેકેજ કરતા એન્જિનિયરો ૫૦ ટકા સુધી અને પાયલોટો ૩૦ ટકા સુધીના ઓછા પગારમાં જોડાયા**

નવી દિલ્હી, તા. ૧૪

લોકોસ્ટ કેરિયર અને નજીકના હરિફ સ્પાઈસ જેટને જેટ એરવેઝને ચાલી રહેલી કટોકટીનો સૌથી વધારે ફાયદો થયો છે. જેટ એરવેઝના પાયલોટો અને એન્જિનિયરો સ્પાઈસ જેટમાં ૩૦-૫૦ ટકા ઓછા પગાર સાથે જોડાઈ ગયા છે. નાણાંકીયરીતે મુશ્કેલીમાં મુકાયેલી જેટ એરવેઝને છોડીને પાયલોટો અને એન્જિનિયરો નિકળી રહ્યા છે. ઈન્ડસ્ટ્રીના સૂત્રોએ કહ્યું છે કે, જેટ એરવેઝના પાયલોટોને ૨૫-૩૦ ટકા પગાર કાપ સાથે કંપનીમાં જોડાવવા કહેવામાં આવ્યું છે જ્યારે એન્જિનિયરોને વર્તમાન પગાર પેકેજના ૫૦ ટકા ઓછા પગાર રહેવા માટે કહેવામાં આવ્યું છે. જાણકાર લોકોનું કહેવું છે કે સ્પાઈસ જેટ અને એર ઈન્ડિયા એક્સપ્રેસમાં અરજીઓ કરવામાં આવી છે. આ ઓફર ખુબ ઓછી કિંમતની રાખવામાં આવી છે. સ્પાઈસ જેટના કારોબારીઓના કહેવા મુજબ બજેટ કેરિયરના કહેવા મુજબ તેમની પોતાની રુપરેખા મુજબ પગારની ઓફર કરવામાં આવી રહી છે. જેટ એરવેઝ દ્વારા પાયલોટો અને એન્જિનિયરોને વધારે નાણાં ચુકવવામાં આવી રહ્યા હતા પરંતુ સ્પાઈસ જેટે ઓછા નાણાં આપવાનો નિર્ણય કર્યો છે. જેટ




એરવેઝનું કહેવું છે કે, ચારથી પાંચ વર્ષનો અનુભવ ધરાવતા પાયલોટો અન્ય એરલાઈન્સમાં સામેલ થઈ રહ્યા છે. કારણ કે પગારમાં વિલંબને લઈને તકલીફ અનુભવી રહ્યા છે. જેટ એરવેઝ સિવાય એર ઈન્ડિયા એક્સપ્રેસ અને સ્પાઈસ જેટ દ્વારા મોટાપાયે જેટના લોકોને સામેલ કરીને પોતાની સ્થિતિ હળવી કરવાના પ્રયાસ કર્યા છે. જેટ અનેક પ્રકારની તકલીફો હાલમાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ એન્જિનિયરોને પણ દોઢ લાખથી બે લાખના મહિને પગારની ઓફર કરવામાં આવી છે.

## પાકિસ્તાનમાં દૂધની કિંમત ૧૮૦ રૂપિયા પ્રતિલીટર : દરોડા પાડવાનો દોર

**પાકિસ્તાનની હાલત દિનપ્રતિદિન ખુબ જ ખરાબ : ઉંચી કિંમત લેનાર સામે કાર્યવાહી છતાં પાકિસ્તાની લોકોની હાલત કફોડી બનવાના એંધાણ**

કરાંચી, તા. ૧૪

પાકિસ્તાનની હાલત આર્થિક મોરચા ઉપર દિન પ્રતિદિન ખુબ ખરાબ થઈ રહી છે. સ્થિતિ એ થઈ છે કે, પાકિસ્તાનમાં જરૂરી ચીજવસ્તુઓના ભાવ પણ આસમાન પર પહોંચી ચુક્યા છે. ટામેટા બાદ હવે દૂધની કિંમતો પણ રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ચુકી છે. પ્રતિષ્ઠા બચાવવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે.



કરાંચી ડેરી ફાર્મર્સ એસોસિએશને હવે દૂધની કિંમતમાં ૨૩ રૂપિયાનો વધારો કરી દીધો છે.

આવી સ્થિતિમાં રિટેલ દુકાનો પર દૂધની કિંમત ૧૨૦ રૂપિયા પ્રતિલીટર થઈ ગઈ છે. પાકિસ્તાની અખબારના કહેવા મુજબ જિલ્લા વહીવટીતંત્રએ ભલે દૂધની કિંમત ૯૪ રૂપિયા નક્કી કર્યા છે પરંતુ મોટી સંખ્યામાં દૂધનું વેચાણ કરનાર લોકો ૧૨૦ રૂપિયાથી લઈને ૧૮૦ રૂપિયા સુધી વસુલ કરી રહ્યા છે. એસોસિએશનનું કહેવું છે કે, સરકારે અનેક વખત નિવેદન બાદ પણ દૂધની કિંમત વધારવાનો ઈન્કાર કરી દીધો છે જેથી દૂધ વિક્રેતાઓને પોતે રેટમાં વધારો કરવાની ફરજ પડી છે. એસોસિએશનના શાકીર ગુર્જરે વાતચીતમાં કહ્યું છે કે, અમે સરકારના લોકોને મળી ચુક્યા છે. અમારી વાતો પણ રજૂ કરી છે પરંતુ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. ઘાસચારાની કિંમત અનેકગણી વધી ગઈ છે. પેટ્રોલની કિંમત આસમાન ઉપર પહોંચી છે. આ કારણસર પરિવહન ખર્ચમાં પણ વધારો થયો છે. વહીવટીઅધિકારીઓનું કહેવું છે કે, મોટાભાગે દુકાનો ઉપર દૂધની કિંમત ૧૨૦ રૂપિયા પ્રતિલીટર સુધી પહોંચી છે. કેટલાક દુકાનદારો તો ૧૮૦ રૂપિયા ભાવ વસુલ કરી રહ્યા છે.

## નેપાળમાં માઉન્ટ એવરેસ્ટ નજીક વિમાન ક્રેશ થતાં ત્રણના મોત

કાઠમાંડૂ,તા.૧૪

નેપાળમાં માઉન્ટ એવરેસ્ટ નજીક એક નાનું વિમાન ઉડાન ભરતા સમયે ત્યાં પાર્ક કરેલા હેલિકોપ્ટર સાથે ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘવાયા છે.

ઉડ્ડયન અધિકારી રાજ કુમાર છેત્રીએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટના ત્યારે બની જ્યારે સુમીત એરનું એક વિમાન કાઠમાંડુના લુકલા વિસ્તારના એરપોર્ટ પરથી ઉડાન ભરવા જઈ રહ્યું હતું. ઉડાન ભરતા સમયે વિમાન રન-વે પર લપસી ગયું હતું અને ત્યાં પાર્ક કરેલા માનંગ એરના હેલિકોપ્ટર સાથે ક્રેશ થઈ ગયું હતું. લુકલા ખાતેનું તેન્જિંગ હિલેરી એરપોર્ટ વિશ્વના સૌથી જોખમી એરપોર્ટમાંથી એક છે. નેપાળ પોલીસના પ્રવક્તા સુબેદીએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્તોને એરલિફ્ટ કરીને કાઠમાંડુની હોસ્પિટલ લઈ જવાયા હતા.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225






॥ जय माता दी ॥
જગત જનની મહામાયા
શ્રી માતા વૈષ્ણો દેવી તિર્થધામ
ગાંધીનગર-સરખેજ હાઈવે, અમદાવાદ
૨૦મો વાર્ષિક પાટોત્સવ નીમીતે
શ્રી મહાયજ્ઞ
૧૫-૪-૨૦૧૯ સોમવાર, ચૈત્ર સુદ-૧૦
માતાજીની ચૌકી (ભજન-કિર્તન) સાંજે ૭ થી રાત્રે ૧૧ સુધી
સર્વ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ
મહાયજ્ઞ
સવારે ૮ કલાકથી
અન્નકૂટ દર્શન
બપોર ૧૨ થી સાંજે ૬.૩૦
માતાજીનો ભંડાર (મહાપ્રસાદ)
સવારે ૯ થી સાંજે ૭
આ દિવસે મંદિર દર્શન માટે રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.